| | | | |
|---|---|---|---|
| મળ્યા તારીખ | ૨૫–૦૮–૨૦૧૦ | | |
| રજિસ્ટરે નોંધ્યા તારીખ | ૨૫–૦૮–૨૦૧૦ | | |
| ફૈંસલ કર્યા તારીખ | ૦૬–૦૪–૨૦૨૬ | | |
| સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૧૫ | ૦૭ | ૧૧ |

सत्यमेव जयते

..............................................................................

**ચોથા એડીશનલ ચીફ જ્યુડિશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ નં.૦૫**
**અમદાવાદ સીટી**

..............................................................................

**ક્રિ.કેસ નં.**૧૭૦૧૩૨૭–૨૦૧૦
**આંક–૨૭**

**ફરીયાદી:–** નામદાર સરકાર
(મુળ ફરીયાદી:–જે. જે. પટેલ)

**વિરૂધ્ધ**

**આરોપી:–**જીજ્ઞાબેન દક્ષેશભાઇ ભાઇલાલ પટેલ, ઉ.વ.પુખ્ત
રહે.એ–૫, ન્યુ સુર્ય નારાયણ સોસાયટી,
સી.પી.નગર પાર્ટીની બાજુમાં, ઘાટલોડીયા,
અમદાવાદ.

**ગુનો: ધી ઈપીકો કલમ ૪૧૯, ૪૨૦, ૧૨૦ તથા ભારતીય પાસપોર્ટ એકટ કલમ ૧૨ મુજબ...**

..............................................................................

**ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી** એચ.એસ.પંચાલ
**આરોપીપક્ષ તરફે વિ.વકીલશ્રી** આર.જી. તમાયચે

..............................................................................

**–:–: ચુ કા દો :–:–**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, કોલમ નં.૧માં જણાવેલ આરોપી પોતાનો ભારતીય પાસપોર્ટ નં. એફ–૦૭૧૪૭૫૨ નો ધરાવતા હોવા છતાં પોતાના પાસપોર્ટનો કેનેડા જવા માટે ઉપયોગ કરેલ નથી અને કોલમ નં.૨ માં જણાવેલ આરોપી ૧ થી ૩ નાઓએ સને

૨૦૦૫ના જુલાઇ માસમાં એકબીજાથી પુર્વ આયોજીત ગુનાહીત કાવતરુ રચી કોઇ અન્ય વ્યકિતના હમશકલ પાસપોર્ટ ઉપર મદ્રાસ એરપોર્ટ થી કેનેડા અને કેનેડાથી અમેરીકા મોકલી આપી ઇમીગ્રેશન ઓફિસરો, સરકારશ્રી, એરલાઇન્સ સાથે છેતરપીંડી કરી, વિશ્વાસઘાત કરી, તા.૨–૭–૨૦૧૦ના કલાક ૯–૦૦ વાગે એસ.વી.આઇ.એ.થી ખાતે આવી પકડાઇ જઇ ગુન્હો કર્યા વિગેરે બાબતે ફરીયાદીએ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધવતાં, પોલીસે **ઇ.પી.કો. ૪૧૯, ૪૨૦, ૧૨૦ તથા ભારતીય પાસપોર્ટ એકટ કલમ ૧૨** મુજબનો ગુનો નોંધેલ અને પોલીસે તપાસના અંતે ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) આરોપી કોર્ટમાં હાજર થતાં, આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ ૨૦૭ મુજબ ચાર્જશીટ તથા પોલીસ તપાસના કાગળોની નકલ આપવામાં આવેલી છે. ત્યારબાદ આરોપી વિરુધ્ધ આંક–૦૩ થી તહોમતનામું ફરમાવતાં તેમજ આરોપીની આંક–૦૪ થી પ્લી નોંધતા પોતાની વિરુધ્ધના ગુનાનો ઇન્કાર કરેલ હોય આરોપી વિરુધ્ધ ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે અને ફરીયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩) આ કામે ટ્રાયલ દરમ્યાન ફરીયાદપક્ષ તરફથી નીચે મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે.

**–: મૌખિક પુરાવો:–**

| ક્રમ | સાહેદનું નામ | આંક |
|---|---|---|
| ૧ | પંચ સાહેદ પ્રદીપભાઇ રાજવીરસિંહ રાજપુતની જુબાની | ૦૫ |
| ૨ | પંચ સાહેદ પ્રશાંતભાઇ નરસિંહભાઇ સોલંકીની જુબાની | ૦૭ |
| ૩ | પો.સા. વિનોદ ઇન્દ્રમણીસિંહની જુબાની | ૧૧ |
| ૪ | સાહેદ ભૈચલાલભાઇ ખોડીદાસ પટેલની જુબાની | ૧૬ |
| ૫ | પો.સા. યાકુબભાઇ રતનજીભાઇ ગામીતની જુબાની | ૧૯ |
| ૬ | પો.સા. જયંતિભાઇ જોઇતાભાઇ પટેલની જુબાની | ૨૩ |

**–: દસ્તાવેજી પુરાવો:–**

| ક્રમ | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧ | મુદ્દામાલ કબજે લીધાનું પંચનામું | ૦૬ |
| ૨ | અસલ પાસપોર્ટ નં.એફ–૦૭૧૪૭૫૨ | ૧૨ |
| ૩ | ફરીયાદ | ૨૦ |
| ૪ | એર ટીકીટ | ૨૧ |
| ૫ | બોર્ડીંગ પાસ | ૨૨ |
| ૬ | ફરીયાદી જે. જે. પટેલની ફરીયાદ | ૨૪ |
| ૭ | ગુનો દાખલ કરવા બાબતનો લેટર | ૨૫ |

આ કામે ફરીયાદપક્ષનો પુરાવો પુર્ણ થતાં, આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં તેઓએ મોટા ભાગના પ્રશ્નોના જવાબમાં મને ખબર નથી, વાત ખોટી છે તેવા જવાબો આપેલા છે અને આરોપીને સોગંધ પર જુબાની આપવાનું તેમજ બચાવના સાહેદો તપાસવા બાબતે પુછતાં તેઓએ ''ના'' કહેલ છે અને વિશેષમાં આરોપીએ જણાવેલ છે કે, ખોટી ફરીયાદના આધારે ખોટુ ચાર્જશીટ કરેલ છે કહેવાતો ગુન્હો તેઓએ કરેલ ન હોવા છતાં સદર કેસમાં તેમને ખોટી રીતે સંડોવી દીધેલ છે.

(૩.૧) આ કામે ટ્રાયલ દરમ્યાન બચાવપક્ષ તરફથી કોઇ મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજુ થયેલ નથી. બચાવપક્ષે આંક–૨૬ થી લેખિત દલીલો રજુ થયેલ છે જે વંચાણે લીધી.

(૪) સદર કેસના આખરી નિકાલ અર્થે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયા છે:–

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે એવી હકીકત રીતે પુરવાર કરેલ છે કે, કોલમ નં.૧માં જણાવેલ આરોપી પોતાનો ભારતીય પાસપોર્ટ નં. એફ–૦૭૧૪૭૫૨ નો ધરાવતા હોવા છતાં પોતાના પાસપોર્ટનો કેનેડા જવા માટે ઉપયોગ કરેલ નથી અને કોલમ નં.૨ માં જણાવેલ આરોપી ૧ થી ૩ નાઓએ સને ૨૦૦૫ના જુલાઇ માસમાં એકબીજાથી પુર્વ આયોજીત ગુનાહીત કાવતરુ રચી કોઇ અન્ય વ્યકિતના હમશકલ પાસપોર્ટ ઉપર મદ્રાસ

એરપોર્ટ થી કેનેડા અને કેનેડાથી અમેરીકા મોકલી આપી ઈમીગ્રેશન ઓફિસરો, સરકારશ્રી, એરલાઇન્સ સાથે છેતરપીંડી કરી, વિશ્વાસઘાત કરી, તા.૨–૭–૨૦૧૦ના કલાક ૯–૦૦ વાગે એસ.વી.આઇ.એ.થી ખાતે આવી પકડાઇ જઇ ગુન્હો કર્યા વિગેરે બાબતે **ઇ.પી.કો. ૪૧૯, ૪૨૦, ૧૨૦ તથા ભારતીય પાસપોર્ટ એકટ કલમ ૧૨** મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

(૨) શું હુકમ?

(૫) ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારાત્મક

(૨) આખરી હુકમ મુજબ

(૬) આ કામે **આંક–૦૫ થી પંચ સાહેદ પ્રદીપભાઇ રાજવીરસિંહ રાજપુત**ને તપાસેલા છે જેઓ કોર્ટ સમક્ષ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, તેઓ બનાવ સમયે એસ.વી.પી.આઇ. એરપોર્ટ અમદાવાદ ખાતે ચેકીંગ કાઉન્ટર ઉપર તેમની ફરજ ઉપર હાજર હતા. તેમને પોલીસે પંચ તરીકે બોલાવેલ હોય કે તેમની રૂબરૂ કોઇ પેસેન્જર પાસેથી મુદ્દામાલ કબ્જે કરેલ હોય તેવું બનેલ નથી. તેમને અસલ પંચનામું બતાવવામાં આવે છે તેમાં પંચ તરીકે તેમની સહી ઓળખી બતાવે છે. પંચનામું રજુ દાખલ આંક–૬ આપવામાં આવેલ છે. આરોપીને ઓળખતા નથી.

ત્યારબાદ સદર સાહેદને હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલ છે અને હોસ્ટાઇલ જાહેર થયા બાદ એ.પી.પી.શ્રી તરફથી લેવામાં આવેલ ઉલટ તપાસમાં ફરીયાદપક્ષના કેસને સમર્થન મળે તેવી કોઇ હકીકત જણાવેલ નથી.

(૭) આ કામે **આંક–૦૭ થી પંચ સાહેદ પ્રશાંતભાઇ નરસિંહભાઇ સોલંકી**ને તપાસેલા છે જેઓ કોર્ટ સમક્ષ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, તેઓ એસ.વી.પી.આઇ. એરપોર્ટ અમદાવાદ ખાતે નોકરી કરતા હોઇ પોલીસે તેમને બોલાવી લખેલા કાગળમાં તેમની સહી કરાવેલી તે

સિવાય કાંઈ બનેલ નહિ. કાગળમાં શું લખેલ તે તેમણે વાંચેલ નહિ. તેમને પોલીસે કોઈ જગ્યાએ પંચ તરીકે બોલાવેલ હોય કે તેમની રુબરુ મુદ્દામાલ કબ્જે કરેલ હોય તેવું બનેલ નહિ, તેમને આંક–૬ વાળું પંચનામું બતાવવામાં આવે છે તેમાં તેમની સહી છે જે ઓળખી બતાવે છે. આરોપીને ઓળખતા નથી.

ત્યારબાદ સદર સાહેદને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે અને હોસ્ટાઈલ જાહેર થયા બાદ એ.પી.પી.શ્રી તરફથી લેવામાં આવેલ ઉલટ તપાસમાં ફરીયાદપક્ષના કેસને સમર્થન મળે તેવી કોઈ હકીકત જણાવેલ નથી.

(૮) આ કામે **આંક–૧૧ થી પો.સાહેદ વિનોદ ઈન્દ્રમણીસિંહ** ને તપાસેલા છે જેઓ કોર્ટ સમક્ષ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, તા. ૨/૭/૧૦ના રોજ તેઓ પો.કમી.વિશેષ શાખામા ફરજ બજાવતા હતા, ત્યાં ઈમીગ્રેશન વિભાગમા એસ.વી.પી.આઈ એરપોર્ટ ખાતે અ. વાદમા ઈમિગ્રેશન વિભાગમા મુકવામા આવેલ ત્યાં ઓફીસર તરીકે જે.જે.પટેલ પો.ઈન્સ. હતા. તેમની નોકરી શીફટ પ્રમાણે ત્યા આવતી હતી. બનાવ તા.૧/૭/૧૦ના રોજ એ દિવસે કલાક ૧૬ થી બીજા દિવસના સવારના બધી ફલાોઈટો ઉપડે નહી ત્યા સુધી ની ફરજ હતી.

તેમની ફરજમા ઈમીગ્રેશન વિભાગમાં એરાવલ્લામાં આવે તેમાં ઈમીગ્રેશન કલીયર કરવાની કામગીરી હતી. બનાવ વખતે તેઓ તેમજ બનાવ વખતે પટેલ સાહેબ, તેઓ તેમજ બીજા સાથી કર્મચારી સાથે એરાઈવલ સાથે તેઓ હાજર હતા. એઆઈ૧૪૪ નંબર ની ફલાઈટ પ્રેમફટ અમેરીકાથી આવેલી. તે વખતે બીજા પેસેન્જરોનુ ઈમીગ્રેશન ચાલુ હતી તે દરમયાન તેમની પાસે એક પેસેન્જર આવેલ તેમનો પાસપોર્ટ અને ઈમીગ્રેશન ફોર્મ માંગતા તેમનો ભા.પાસપોર્ટ તેમનો આપેલો જેમાં કોઈ પ્રકારનો વિઝા અને એરાઈવલ્લના સીકકા કે સ્ટેમ્પ કે સ્ટીકર ન હતા. અમારા ઈ/ચા અધીકારી પટેલને જાણ કરેલ. તેથી તેઓએ પેસેન્જરનુ નિવેદન લીધેલ. જે પેસેન્જરનુ નામ જીશા બેન દક્ષેશ ભાઈ હતુ. તેમણે જણાવેલ કે અમેરીકા જવા માટે એક એજન્ટ ગાંધીનગર મંગળદાસ પટેલનો સંપર્ક કરેલો.

અઠાઈવીસ લાખ ખચેલા અને બાઈ રોડ મદ્રાસ ગયેલા. ત્યાથી બીજા હમશકલ પાસપોર્ટ પર મદાસથી કેનેડા ગયેલા. ત્યાથી બીજા એજન્ટ પાસેથી બાઈ રોડ શીકાગો ગયેલા. ત્યા તેમના પતિ રહેતા હોઈ તેઓ તથા ગે.કા.રહેતા હતા. અમેરીકામમા મંદી આવી જતા તેમના પતિ ભારત આવી ગયેલા ત્યા તેમનો વિચાર બદલાતા તેઓ ભારત આવેલા. તેઓ ભારત ખાતે પરત આવતા એરપોર્ટ પર તેમના પાસપોર્ટ પર ઉપર જણાવેલ સીકકા ન હોઈ તેઓ એરપોર્ટ પર પકડાયેલા તેમની ફરીયાદ પટેલ સાહેબને કરેલ. જે.જે.પટેલ સાહેબે ફરીયાદ આપતા પોલીસે મારુ નીવેદન લીધેલ. આરોપી જીશાબેન કોર્ટમાં હાજર છે. સાહેદ કોર્ટમા ઓળખી બતાવે છે. મે સદરહુ પેસેન્જરનો પાસપોર્ટ જોયેલો.

તેમને મુદ્દામાલમાંથી એક પાસપોર્ટ બતાવવામાં આવે છે તે પાસપોર્ટ જોઇને જણાવે છે કે જે પાસપોર્ટ દક્ષેશ પટેલના નામનો છે તેમાંનો જે ફોટો છે તે બેન અત્રેની કોર્ટમાં હાજર છે તેઓને જે તે સમયે એરપોર્ટ ઉપર ઇમીગ્રેશનની કાર્યવાહીમાં રોકેલા અને તેમની પુછપરછ કરેલી અને તેના પાના નં.૧૩ ઉપર એસ.વી.પી. ઇન્ટરનેશનલ એરાઇવલ સ્ટેમ્પ તા.૧–૭–૨૦૧૦ના રોજનો છે જેને આંક–૧૨ આપવામાં આવે છે. તેઓએ માત્ર ઈમીગ્રેશન કર્મચારી તરીકે પાસપોર્ટની ચકાસણી કરેલી.

બચાવપક્ષે સદર સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમાં તેઓ જણાવે છે કે, તેઓ એસ.વી.પી.આઇ. ઇમીગ્રેશન એરપોર્ટ ઉપર બે વર્ષ સુધી ફરજ બજાવેલ. એ વાતનો સ્વીકાર કરેલ છે કે એરપોર્ટમાં તેમની ઈમીગ્રેશનમાં વિદેશ જતા પેસેન્જરો અને વિદેશથી આવતા પેસેન્જરો તેમના ટ્રાવેલ્સ ડોકયુમેન્ટો ચેક કરાવાની કામગીરી કરવાની હોય છે અને ઈમીગ્રેશન વિભાગમાં ઘણા બધા કાઉન્ટરો હોય છે પેસેન્જરોને ચેક કરવા જેમાં તેમના પોલીસ સ્ટાફના માણસો પોત પોતાના કાઉન્ટર ઉપર ચેક કરવાની કામગીરી કરતા હોય છે તેમજ ઇમીગ્રેશનની કાર્યવાહી છે તે પોલીસ અધિકારી તરીકેની કાર્યવાહી હોય છે, જે તે સમયે તેમની શીફટમાં કેટલા અને કયાં કયાં માણસો હતા તે હાલ તેઓ કહી શકે નહિ. એ વાતનો સ્વીકાર કરેલ છે કે કોઈ પણ પેસેન્જર વિદેશથી પરત આવે અને જો તેમનો પાસપોર્ટ શંકાસ્પદ, ખોટો હોય કે પાસપોર્ટમાં ચેડા થયેલા હોય તો વિદેશના જે તે

એરપોર્ટ ઈમીગ્રેશન ઓથોરીટી જે તે પેસેન્જરને તરત જ ડીપોટી લેટર કે ઇ.સી. સાથે ઈન્ડીયા પરત મોકલી દેતા હોય છે. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, જે તે એરલાયસન્સના અધિકારીઓ જે તે એરલાયન્સ પત્ર સાથે તેઓને હેન્ડ ઓવર કરે છે અને હાલના પેસેન્જર એરકાપ્ટમાંથી ઉતરી તેમની પાસે ` જાતે અરાયવલ ઈમીગ્રેશન કરવવા માટે આવેલા અને હાલના પેસેન્જર તેમની પાસે કલીયરન્સ માટે આવતા તેઓની પાસે ડીપોરટી કે ઇ.સી.કે, જે તે એરલાયન્સનો પત્ર પણ ન હતો તેમજ જે તે પાસપાર્ટની વેલીડીટી પુરી થઈ જાય કે પાના ભરાય જાય તો નવો પાસપોર્ટ કઢાવવો પડે.

એ વાતનો સ્વીકાર કરેલ છે કે, પાસપોર્ટ ધારક નવો પાસપોર્ટ કઢાવવા અરજી કરે તો આર.પી.ઓ. વાળા પાસપોર્ટ હોલ્ડરના જુના પાર્સપોર્ટમાં લાગે વીઝા સ્ટીકર નવા પાસપોર્ટમાં ફેર બદલ કરી આપતા નથી અને જે તે વખતે પેસેન્જરે રજુ કરેલ પાસપોર્ટ સાચો, ખરો અને ચાલુ વેલીડીટીવાળો પાસપોર્ટ હતો તેમજ હાલના પસેન્જરની એરાઈવલ ઈમીગ્રેશન કલીયરન્સની કામગીરી સિવાય અન્ય કોઈ કામગીરી મેં કરેલ નથી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, હાલના પેસેન્જર જે તે વખતે તેમના જુના અને નવા બન્ને પાસપોર્ટ કલીયરન્સ આવેલા અને ફરીયાદી અમારા ઉપરી અધિકારી હોઈ તેમના સમર્થનમાં અમે ખોટી જુબાની આપીએ છીએ.

(૯) આ કામે **આંક-૧૬ થી ભૈયાલાલભાઇ ખોડીદાસ પટેલ** ને તપાસેલા છે જેઓ કોર્ટ સમક્ષ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, જીજ્ઞાબેન તેમના પુત્રવધુ છે. સ.ન.પો.સ્ટે.માં તેમના વિરુધ્ધ કોઇ કેસ થયેલો. અમેરીકાથી આવતા હતા તે બાબતે કેસ થયેલો. પો.સ્ટે.માં પોલીસ તેમને બોલાવીને તેમનું નામ સરનામું પુછેલ તે સિવાય બીજુ કાંઇ પુછેલ નહિ. જીજ્ઞાબેન આજથી ૧૦-૧૨ વર્ષ અગાઉ અમેરીકા ગયેલા. કેવી રીતે ગયેલા, કોના મારફતે ગયેલા તેની તેમને કોઇ જાણકારી નથી. કોણે મોકલેલા તે પણ તેમને ખબર નથી. આ જીજ્ઞાબેન કોના પાસપોર્ટ પર ગયેલા તેની તેમને કોઇ જાણકારી નથી. જીજ્ઞાબેન કયાં શહેરના કયાં એરપોર્ટ પરથી અમેરીકા ગયેલા તેની તેમને કોઇ જાણકારી નથી. તેમને મુદ્દામાલ માંથી પાસપોર્ટ બતાવવામાં આવે છે તે જોઇને તેઓ જણાવે છે કે

તેમાં જીજ્ઞાબેનનો ફોટો છે તે પાસપોર્ટને આંક-૧૭ આપવામાં આવે છે.

ત્યારબાદ સદર સાહેદને હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલ છે અને હોસ્ટાઇલ જાહેર થયા બાદ એ.પી.પી.શ્રી તરફથી લેવામાં આવેલ ઉલટ તપાસમાં ફરીયાદપક્ષના કેસને સમર્થન મળે તેવી કોઇ હકીકત જણાવેલ નથી.

બચાવપક્ષે સદર સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

(૧૦) આ કામે **આંક-૧૯ થી યાકુબભાઇ રતનજી ગામીત**ને તપાસેલા છે જેઓ કોર્ટ સમક્ષ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, ગઈ તા. ૧/૭/૧૦ના રોજ તેઓ સેકન્ડ પો.ઈન્સ. તરીકે સ.ન.પો.સ્ટે.માં ફરજ બજાવતા હતા તે દરમયાન સ.ન.પો.સ્ટે. । ગુ.ર.ન.૨૧૦/૧૦ ઇ.પી.કો.ક.૪૦૬,૪૧૯,૪૬૭,૪૬૮ ભા.પા.ક.૧૨ મુજબ ફરી.શ્રી જે. જે. પટેલ સાહેબ એરપોર્ટ ઈમીગ્રેશન વિભાગ અ.વાદનાઓ તરફથી ફરીયાદ દાખલ થઈ તેઓને તપાસમા મળેલ. જેમા આરોપી જીજ્ઞાબેન દક્ષેસભાઈ પટેલ રહેઃ દાન્તાઈ જી.મહેસાણા નાઓ ૨૦૦૫ ની સાલમાં એજન્ટ મંગળભાઈ પટેલ રહે: સે.૧૧, ગાંધીનગર નાઓને મળી અમેરીકા જવા માટે વાતચીત કરેલ તેઓએ અમેરીકા મોકલવા માટે અહીયા વીસ લાખ રૂપીયા થશે તે વાતચીત પ્રમાણે તેઓએ નકકી કરી લેતી દેતી કરી અ.વાદ થી એજન્ટ મંગળભાઈ ના ખાનગી વાહનમાં મદ્રાસ એરપોર્ટ ખાતે લઈ ગયેલા જયા કોઈ અજાણ્યા વ્યક્તિ મારફતે સંપર્ક કરી હમશકલ પાસપોર્ટ પર બીજા દિવસે કેનેડા જતી ફલાઈટમાં પહોંચેલા અને કેનેડાથી કોઈ વ્યકિત ધ્વારા આરોપી જીજ્ઞાબેનના પતિ અમેરીકા રહેતા હોઈ ત્યાં પહોંચેલા, બાદમાં ૨૦૦૬માં પરત આવવાનું થતાં તેઓની પાસેના પાસપોર્ટમા કોઈ વિઝા ન હોઈ પરત આવતા અ.વાદ એરપોર્ટ ખાતે ગે.કા પ્રવેશ કરાયેલાનું જણાતા ફરી. જે.જે.પટેલના ઓએ ફરીયાદ દાખલ કરેલ. તપાસ દરમયાન પાસપોર્ટ કબજે કરવામાં આવેલ. ઈમીગ્રેશન વિભાગમાં જે.જે.પટેલ સાહેબ, કોન્સ.વિનોદભાઈની તપાસ કરવામાં આવેલ નિવેદન લેવામા આવેલા, સેકટર-૧૧ ગાંધીનગર ખાતે જે એજન્ટ મંગળભાઈનું સરનામું હતું ત્યા તપાસ કરવામાં આવેલ પણ તે મળી આવેલ નહી અને તપાસના અંતે

આરોપી વિરુધ્ધ પુરતા પુરાવા મળતા ચાર્જશીટ કરવામાં આવેલ.

તેમણે આરોપી વિરુધ્ધ આઈપીસીકલમ–૪૦૬, ૪૧૯, ૪૨૦, ૪૬૭, ૪૬૮, ૪૭૧ ભા.પા.૭.૧૨ મુજબનુ ચાર્જશીટ કરેલ. આરોપી જીજ્ઞાબેન કોર્ટમાં હાજર છે તેઓને ઓળખી શકે તેઓ જે.જે.પટેલ ની સહી અને તેના અક્ષરો ઓળખે છે. જે.જે. પટેલે ગુનો દાખલ કરેલ રીપોર્ટ જેમા જે.જે.પટેલની સહી છે તે તેઓ ઓળખે છે, તેમને આપેલ ફરીયાદ તેમા તેમની સહી છે તે આંક ૨૦ થી રજુ કરવામાં આવેલ છે. તેમણે તપાસ શરુ કરેલ તે વખતે તેઓએ તેમને કરેલ ફરીયાદ, જીજ્ઞાબેન પાસેથી ટીકીટ, બોડીગપાસ અને પાસપોર્ટ કબજે લીધેલ ઉપરોકત દસ્તાવેજો તેમના તેમના તરફથી સોપવામાં આવેલા,

તેઓ ચાર્જશીટ જોઈને જણાવે છે કે તેમણે ચાર્જશીટમા ૪૧૯, ૪૨૦, ૧૨૦(બી), ભા.પા.ક.૧૨ કલમો લગાડેલ છે. તેમણે ઉપરોકત કલમો ઘટાડો કરવાનો કોઈ રીપોર્ટ ના.કોર્ટમા કરેલ નથી. તેઓ આ કલમ ઘટાડા બાબતે કોઈ કારણ આપી શકે તેમ નથી.

તેમને જે જે પટેલ તરફથી તપાસના કામે મળેલ જીજ્ઞાબેનની એરટીકીટ તે રજુ દા.આ.૨૧ આપવામાં આવે છે તેમજ તેની બોડીંગ પાસ આ ૨૨. આપવામાં આવે છે તેના પર જે જે પટેલ ની સહી છે. તેમને આંક–૧૭–૧૨ વાળો પાસપોર્ટ બતાવવામાં આવે છે તે જોઈને તેઓ જણાવે છે કે આ પાસપોર્ટ ભા. પાસપોર્ટ છે તેનો નબર એફ– ૦૭૧ ૪૭૫૨ છે તે પાસપોર્ટ પટેલ જીજ્ઞાબેન દક્ષેસના નામનો છે. રહેઃ મહેસાણા ગુજરાતના છે અને અ.વાદ કચેરીએથી આ પાસપોર્ટ નીકળેલ છે. તેમા અમેરીકાનો કોઈ ડીપાર્ચરનો સીકકો કે અમેરીકાના વિઝા જણાતા નથી. તેઓ અ.વાદ ખાતે તા.૧/૭/૧૦ના રોજ અ.વાદ એસ.વી.પી.અ.વાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ એરાઈવલ એવુ છે જે આંક–૧૨–૧૭ થી નોધેલ છે.

બચાવપક્ષે સદર સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ છે તેમાં તેઓ જણાવે છે કે, તેમણે સ.ન.પો.સ્ટેમાં મે પી.ઈન્સ.તરીકે અઢી વર્ષ સુધી ફરજ બજાવેલ છે. એ વાતનો સ્વીકાર કરેલ છે કે તેમણે તેમની ફરજ દરમયાન આ પ્રકારના ઈમીટેશનના ઘણા બધા કેસીની તપાસ કરેલ છે અને તેમને ઈમીગેશનને લગતા સારો અનુભવ છે તેમજ કોઈપણ ઈન્ડિયન

પેસેન્જર પોતાનો પાસપોર્ટ લઈ વિદેશના કોઈપણ એરપોર્ટ થી ઈન્ડિયા પરત આવતા હોઈ પણ જો તેઓ કોઈપણ પેસેન્જરની પાસપોર્ટ ખોટી હોઈ અને શંકા જણાતી હોય તો વિદેશના જે એરપોર્ટના ઓર્થોરીટી અને ઈમીગ્રીરોન ઓપરેટી જે તે પેસેન્જરને ઈસી કે ડીપોર્ટી નોટ સાથે ઈન્ડિયા પરત કરી દે છે અને હાલના પેસેન્જર અને તેમના ડોકયુમેન્ટ કે ઈસી કે ડીપોરટી નોટ મળેલ નથી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે પાસપોર્ટ પુરો થઇ જાય કે ચોરાઇ જાય  ત્યારબાદ નવો પાસપોર્ટ લેવા માટે આરપીઓ ઓફીસમાં અરજી કરવી પડે, અને આરપીઓ ઓફીસવાળા જુના પાસપોર્ટમા લાગેલ વિઝાના સ્ટીકર નવા ઈસ્યુ થયેલા પાસપોર્ટ માં ફેરબદલ કરી આપતા નથી.

એ વાતનો સ્વીકાર કરેલ છે કે તેમને તપાસ મળતા તેમણે એરપોર્ટ ઈમીગ્રેશનના અન્ય કર્મચારીઓ કે જે તે એરલાઇન્સના કર્મચારીઓની પુછપરછ કે નિવેદન નોધેલ નથી અને તેમને તપાસ સળતા છે મદ્રાસ એરપોર્ટ કે મદ્રાસની એકસન હોટલમા કોઈપણ તપાસ કરેલ નથી તેમજ તેમણે અમેરીકા જે તે એરપોર્ટ તેમજ કેનેડાના એરપોર્ટ પર કોઈ પણ જાતની ટેલીફોનીક કે પત્રવ્યવહારથી તપાસ કરેલ નથી અને તેમની તપાસ દરમ્યાન કબજે કરેલ પાસપોર્ટ તે અ.વાદ આરપીઓ ઈસ્યુ સાચો અને ખરો અને ચાલુ વેલીડીટી વાળી હતો તેમજ તેમની તપાસ દરમયાન હાલના પેસેન્જર આરોપી પાસેથી કોઈપણ પ્રકારની રીકવરી કે ડીસકવરી થયેલ નથી અને પાસપોર્ટ એકટ મુજબ ભારત  સરકારે નિયુકત કરેલ રાજય સરકારના સક્ષમ અધિકારીની ચાર્જશીટ કરતા પહેલા પરવાનગી લેવાની હોય છે તેમજ આવી કોઇપણ પ્રકારની પરવાનગી લીધેલ નથી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે ફરીયાદી તેમના અધિકારી હોવાથી તેઓના સમર્થનમાં ખોટી ચાર્જશીટ કરેલ છે તેમજ આવો કોઇ ગુનો બનેલ નથી.

(૧૧) આ કામે **આંક–૨૩ થી ફરીયાદી જયંતિભાઇ જોઇતાભાઇ પટેલ** ને તપાસેલા છે જેઓ કોર્ટ સમક્ષ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, ગઇ તા.૧–૭–૨૦૧૦ ના રોજ તેમની નોકરી ઇમીગ્રેશન ઓફીસર તરીકે અમદાવાદ એરપોર્ટ ખાતે હતી તે દરમ્યાન કલાક ૨૧–૧૦ વાગે અમેરીકા થી

અમદાવાદ ફલાઈટ આવેલ જે એર ઈન્ડીયાની હતી. તે દરમ્યાન એક પેસેન્જર નામે જીયાબેન દક્ષેશભાઈ પટેલ રહે ઘાટલોડીયા અમદાવાદ જેઓ અમેરીકાથી આવેલા તે દરમ્યાન ઈમીગ્રેશનની ફરજ બજાવતા પો.કોન્સ વિનોદભાઈનાઓ જીયાબેનની અમારી પાસે લાવેલા જીયાબેન પાસે અમદાવાદ ઈશ્યુડ પાસપોર્ટ વેલીડ હતો પરન્તુ તેમાં કોઇ દેશના વિઝાના સ્ટીકર લાગેલા ન હતા અને અમેરીકા થી ડીપોર્ટનો કોઈ સીક્કો લાગેલ ન હતો જેથી પાસપોર્ટની તપાસ કરતા અને આરોપીની તપાસ કરતા તેઓ અમેરીકા થી ભારત આવેલા અને તેઓ સને ૨૦૦૫ માં ગાંધીનગરના એજન્ટ મારફતે મદ્રાસ એરપોર્ટ થી અમેરીકા ગયેલા. તે વખતે એજન્ટે તેમને હમસકલનો પાસપોર્ટ આપેલો તે લઈને મદ્રાસ થી ફલાઈટમાં બેસી અમેરીકા ગયેલા. તે બાદ અમેરીકામાં સીકાગો ખાતે રોકાયેલા અને ત્યાથી અમદાવાદ પરત આવેલા જેથી બીજા ચહેરાવાળા પાસપોર્ટ ઉપર મુસાફરી કરીને ગુન્હો કરતા ફરીયાદ આપેલ. જે ફરીયાદ તેમણે જીગ્નાબેન સામે આપેલ. તેમને આપેલ ફરીયાદ બતાવવામાં આવે છે જે ફરીયાદમાં તેમની સહી છે જે ફરીયાદ રજૂ દાખલ આંક-૨૪.

તેમણે તેમની પાસેથી એક પાસપોર્ટ કબ્જે લીધેલો. તેમને મુ.માલ માંથી આંક-૧૭ વાળો દસ્તાવેજ બતાવીને પુછતા જણાવે છે કે તે ભારતીય પાસપોર્ટ છે જે પટેલ જીગ્નાબેન દક્ષેષ નામનો મહેસાણા ગુજરાતના સરનામાં વાળો જે અમદાવાદ આર.પી.ઓ. ધ્વારા ઈશ્યુ કરવામાં આવેલ પાસપોર્ટ નં-F0714752 છે. જે પેસેન્જર જીયાબેન પકડેલા અને તેમના સામે ફરીયાદ આપેલ તેઓ આજરોજ ના.કોર્ટમાં હાજર છ તેઓને તેઓ ઓળખે છે અને આંક-૧૭ વાળા પાસપોર્ટમાં તેમનો ફોટો છે અને પાસપોર્ટમાં અમેરીકાના કોઈ વીજા કે અરાઈવલ કે ડીપાર્ચરના સ્ટેમ્પ લાગેલા નથી.

તેમની ફરીયાદની સાથે સરદારનગર પો.સ્ટે. ખાતે કાગળો સાથે સોપેલા તેમજ ગુન્હો દાખલ કરવા માટે મે રિપોર્ટ કરેલો જે રિપોર્ટ અસલ રજુ દાખલ આંક-૨૫ આપવામાં આવે છે અને આગળની તપાસ સરદારનગર પો.સ્ટે.ના ત.ક.અમદાર સંભાળી લીધેલ.

બચાવપક્ષે સદર સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ છે તેમાં તેઓ જણાવે છે કે, તેમણે એસ.વી.પી.આઈ એરપોર્ટ ખાતે દોઢ વર્ષ ફરજ

બજાવેલ. એ વાતનો સ્વીકાર કરેલ છે કે એરપોર્ટ ઇમ્રીગેશનમાં અલગ અલગ કાઉન્ટર હોય છે તેમાં પોલિસ સ્ટાફના માણસો ડીપાર્ચર અને અરાઈવલ ઈમીગ્રેશન કલીયરન્સની કાર્યવાહી કરતા હોય છે. એ વાતનો ઈનકાર કરેલ છે કે તેમની ફરજ પોલિસ ઓફીસર તરીકે ફરજ ગણાય. હવે તેઓ જણાવે છે કે હાલના આરોપીની ઈમીગ્રેશનની ક્લીયરન્સની કાર્યવાહી તેમણે કરેલ નથી.

આ સાહેદને એવો પ્રશ્ન કરવામાં આવેલ કે, કોઈ પણ પેસેન્જર અહીથી વિદેશ જતા હોય તો સીક્યુરીટીની ચાર થી પાંચ લેયરમાંથી પસાર થયા બાદ યુ.વી.લાઈટમાંથી પસાર કર્યા બાદ પેસેન્જરને એરક્રાફ્ટમાં બેસવા દેવામાં આવે છે.

સદર પ્રશ્નના જવાબમાં સાહેદ જણાવે છે કે, તેમનું કામ ફકત ઈમીગ્રેશન ચેકીંગ નું છે. બીજી સીક્યુરીટીનુ તેમને જોવાનું નથી.

એ વાતનો સ્વીકાર કરેલ છે કે કોઈ પણ ભારતીય વિદેશમાં હોય અને તેનો પાસપોર્ટ ખોવાઈ ગયેલ હોય કે ચોરી થયેલ હોય કે ડેમેજ થયેલ હોય તો તેને ઈમરજન્સી શર્ટીફીકેટ સાથે આવવુ પડે.

આ સાહેદને એવો પ્રશ્ન કરવામાં આવેલ કે,કોઈ પણ ભારતીય પેસેન્જર વિદેશમાં અને તેમની પાસે પાસપોર્ટ ન હોય કે બોગસ હોય કે સંકાસ્પદ હોય અને ઈન્ડીયા આવવુ હોય તો જે તે દેશના એરપોર્ટ ઓથોરીટી કે ઈમીગ્રેશન ઓથોરીટી તે પેસેન્જરને ડીપોર્ટી નોટ કે જે તે એરલાયન્સના પત્ર સાથે ઈન્ડીયા ડીપોર્ટ કરી નાખે છે.

સદર પ્રશ્નના જવાબમાં સાહેદ જણાવે છે કે,એ વાત ખરી છે.

આ સાહેદને એવો પ્રશ્ન કરવામાં આવેલ કે, હાલના પેસેન્જરને તમને હેન્ડ ઓવર કરતી વખતે તમોએ તે પેસેન્જર બાબતે મદ્રાસ એરપોર્ટ કે ફ્રેકફ્ડ એરપોર્ટ ખાતે ટેલીફોનીક કે પત્ર વ્યવહાર થી તપાસ કરેલ.

સદર પ્રશ્નના જવાબમાં સાહેદ જણાવે છે કે, તેમણે આ કામે તપાસ કરેલ નથી.

એ વાતનો સ્વીકાર કરેલ છે કે હાલના પેસેન્જર જીજ્ઞાબેનની ઈમીગ્રેશન કલીયરન્સની કાર્યવાહી તેમણે કરેલ નથી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે આવી રીતે ડીપોર્ટ કરેલા પેસેન્જર એરપોર્ટ ઉપર આવે તો જે તે

એરક્રાફ્ટના કર્મચારી તેવા પેસેન્જરને તેઓને સોપતા હોય છે.

એ વાતનો સ્વીકાર કરેલ છે કે હાલના પેસેન્જર એરક્રાફ્ટમાથી ઉતરીને આવ્યા તે વખતે તેમની પાસે ઇ.સી(ઇમરન્જસી શર્ટીફીકેટ) કે ડીપોર્ટીંગ નોટ કે જે તે એરલાઇન્સનો પત્ર ન હતો.

એ વાતનો સ્વીકાર કરેલ છે કે હાલના પેસેન્જરને મારી પાસે લાવતા મે તેઓને પુછપરછ કરેલ અને તેમનુ નિવેદન નોધેલ.

એ વાતનો સ્વીકાર કરેલ છે કે પાસપોર્ટ ભરાઇ જાય કે વેલીડીટી થઇ જાય તો જે તે પાસપોર્ટ ધારકે આર.પી.ઓ. માંથી નવો પાસપોર્ટ લેવો પડે અને કોઈ પણ વ્યક્તિ આવા કારણોસર નવો પાસપોર્ટ મેળવે તો તેના જુના પાસપોર્ટમાં અન્ય દેશમા આવન-જાવન કરેલાના સિક્કા નવા પાસપોર્ટમાં હોતા નથી તેમજ સામાન્ય રીતે દરેક પેસેન્જર પોતાનો જુનો અને નવો પાસપોર્ટ સાથે રાખીને અવર જવર કરતા હોય છે અને તેમણે હાલના પેસેન્જર જીજ્ઞાબેન પાસેથી જે પાસપોર્ટ કબ્જે કરેલો તે અમદાવાદ આર.પી.ઓ. દ્વારા ઈશ્યુ કરવામાં આવેલ ખરો, સાચો અને વેલીડીટી વાળો પાસપોર્ટ હતો.

એ વાતનો ઇન્કાર કરેલ છે કે, તેમની કામગીરી બતાવવા હાલના પેસેન્જરના જુનો પાસપોર્ટ રાખી લઇને બળજબરીપુર્વક નિવેદન નોંધી હાલની ખોટી ફરીયાદ આપેલ છે અને તેમણે પંચનામા મુજબ કોઇ કાર્યવાહી કરેલ નથી તેમજ સારી કામગીરી બતાવવા માટે હાલની ખોટી ફરીયાદ કરેલ છે.

(૧૨) આ કામે રજુ થયેલ પુરાવા અને રેકર્ડનું મુલ્યાંકન કરવામાં આવે તો, કેસ સને ૨૦૧૦ની સાલનો છે અને આ કામે ચાર્જશીટના કોલમ નં.ર માં જણાવેલ આરોપીઓ મળી આવેલ નથી. વધુમાં, આ કામે પંચ સાહેદે પંચનામાંની હકીકતને સમર્થન કરેલ નથી અને ફરી ગયેલ જાહેર થયેલ હોઇ તેમની જુબાની ફરીયાદપક્ષને મદદકર્તા નથી. વધુમાં, આ કામે ફરીયાદીએ ફરીયાદ હકીકતને સમર્થનકારી જુબાની આપેલ છે પરંતુ ફરીયાદી ખુદ પોલીસ હોઇ તેઓએ જે કામગીરી કરેલ છે તે તેમની ફરજના ભાગરૂપે કરેલ હોવાનું જણાઇ આવે છે. આ કામે અન્ય સાહેદોને પ્રોસેસ ઇસ્યુ કરવામાં આવેલ છે

અને પ્રોસેસ પરના શેરા મુજબ વગર બજે આવેલ છે. આ કામે અન્ય કોઈ સ્વતંત્ર સાહેદને તપાસવામાં આવેલ નથી.

આ કામે રજુ થયેલ ઉપરોકત તમામ પુરાવાઓનું મુલ્યાંકન કરતાં આંક−૧૨ થી રજુ આરોપીનો પાસપોર્ટ ધ્યાને લેતાં આરોપી ભારત સરકારનો વેલીડ પાસપોર્ટ ધરાવતા હતા તે હકીકત ફલિત થાય છે. પરંતુ આરોપી અન્ય કોઈનો પાસપોર્ટ લઈને ગેરકાયદેસર રીતે અમેરીકા ગયેલ હોય તેવુ પુરવાર કરતા કોઈ અસલ દસ્તાવેજી પુરાવો રજુ થયેલ નથી કે કોઈ બનાવટી પુરાવાનો ઉપયોગ કરેલ હોય અને તેવા પુરાવા બનાવટી હોવા અંગે એફ.એસ.એલ.માં મોકલવામાં આવેલ હોય કે તેવી કોઈ ચકાસણી કરવામાં આવેલ હોય તેવું રેકર્ડ પર આવેલ નથી. હાલના આરોપી પાસેથી કોઈ પાસપોર્ટ કબજે કરવામાં આવેલ નથી કે ફરીયાદીની જુબાની સિવાય એવો કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ નથી કે જેનાથી આ કામના આરોપીએ ખોટા પાસપોર્ટનો ઉપયોગ કરી અમેરીકામાં ગેરકાયદેસર વસવાટ કરેલ હોય.

વધુમાં, આ કામે આરોપી સામે ભારતીય પાસપોર્ટ ધારાની કલમ ૧૨ મુજબનો આક્ષેપિત ગુનાનો આરોપી છે તે અંગે જોવામાં આવે તો, આરોપીએ ખોટું નામ ધારણ કરી ભારતીય બનાવટના અન્ય વ્યકિતના પાસપોર્ટનો ઉપયોગ કરી, સદર ગુનો કરેલ હોવાનું પુરવાર થતું નથી. વધુમાં, તેવા ગુના અંગે ભારતીય પાસપોર્ટ ધારાની કલમ ૧૫ મુજબ ચાર્જશીટ કરતાં પહેલા સક્ષમ સત્તાધિકારી પાસેથી પુર્વ મંજુરી મેળવવી જોઈએ જયારે હાલના કામે આ કામનું ચાર્જશીટ ત.ક.અ. ધ્વારા રજુ કરવામાં આવેલ છે અનેં તે અંગે ખુદ ત.ક. અમલદાર ધ્વારા કબુલ કર્યા મુજબ તેઓએ હાલના કામે પાસપોર્ટ એકટ મુજબ ભારત સરકારે નિયુકત કરેલ રાજય સરકારના સક્ષમ અધિકારીનું ચાજશીટ કરતા પહેલા પરવાનગી લીધેલ નથી. આમ, આરોપી સામે હાલના ગુનાનું ચાર્જશીટ કરતા પહેલા મંજુરી મેળવવામાં આવેલ નથી. જેથી પુર્વ મંજુરી મેળવેલ ન હોઈ તેથી પણ આરોપી સામે સદર ગુના અંગે કાર્યવાહી થઈ શકે નહિ.

આમ, આ કામના આરોપીએ ફરીયાદીની ફરીયાદ મુજબ આરોપીએ

ખોટા પાસપોર્ટનો ઉપયોગ કરી વિદેશમાં ગેરકાયદેસર વસવાટ કરેલ હોય તેવો કોઇ ગુનો કરેલ હોય તેવી હકીકત ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી, તે સંજોગોમાં મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી, મુદ્દા નં.૨ પરત્વે નીચે મજુબનો આખરી હુકમ કરવામાં આવે છે

**:−−:−: આખરી હુકમ:−:−**

(૧) આ કામના આરોપી જીજ્ઞાબેન દક્ષેશભાઇ ભાઇલાલ પટેલ, ઉ.વ.પુખ્ત રહે.એ−પ, ન્યુ સુર્ય નારાયણ સોસાયટી, સી.પી.નગર પાર્ટીની બાજુમાં, ઘાટલોડીયા, અમદાવાદ નાઓને **૪૧૯, ૪૨૦, ૧૨૦ તથા ભારતીય પાસપોર્ટ એકટ કલમ ૧૨** મુજબના ગુનામાં શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

(૨) આ કામે મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ મુદ્ધામાલ અસલ પાસપોર્ટ અપીલ સમય બાદ આ કામના તહોમતદારને પરત સોંપવો.

(૩) ક્રિ.પ્રો.કોડની કલમ ૪૩૭ (એ) મુજબ આરોપીએ અપીલ સમય સુધીના જામીન રજુ કરવા.

હુકમ આજરોજ તા.૬ઠ્ઠી, માહે−એપ્રિલ, સને ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૦૬−૦૪−૨૦૨૬
અમદાવાદ.

(જીતેશ વિષ્ણુપ્રસાદ જોષી)
ચોથા એડિશનલ ચીફ જયુડિશિયલ મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.પ., અમદાવાદ સીટી.
કોડ નં. જીજે૦૦૯૨૭.